# ફૂડ સિક્યોરીટી બિલનો અમલ ન થતાં ૩ કરોડ લોકો લાભથી વંચિત

**ગાંધીનગર,**

કેન્દ્રની યુપીએ સરકારે વર્ષ ૨૦૧૩માં ફૂડ સિક્યોરીટી બિલ (ખાદ્ય સુરક્ષા કાયદો) અમલમાં મુક્યા પછી તમામ રાજ્યોને તેના લાભ નાગરીકો સુધી ૧૮૦ દિવસમાં એટલે કે ૬ મહિનામાં પહોંચાડવાની તાકીદ કરી હતી. આમ, છતાં ગુજરાત સરકારે તેનો સમયસર અમલ ન કરતાં રાજ્યના ત્રણ કરોડ લોકોને તેનો લાભ મળી શક્યો નથી. એવા આક્ષેપ કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા મનિષ દોશીએ કર્યો છે. તેમના મુજબ કાયદા હેઠળ મળવાપાત્ર લાભ હજી સુધી લોકો સુધી પહોંચી શક્યા નથી. તેમના જણાવ્યા અનુસાર, ગુજરાતની ભાજપ સરકારે એક બાજુ વિવિધ જાહેરાતો માટે કરોડો રૂપિયા ખર્ચ્યા છે. બીજી બાજુ ગુજરાતની ગરીબ અને મધ્યમ વર્ગની જઠરાગ્નિ તૃપ્ત કરવા માટે યુપીએ સરકાર દ્વારા લાવવામાં આવેલો ખાદ્ય સુરક્ષા કાયદોનો અમલ કરવાનું ગોકળ ગાયની ગતિએ કામ કરી રહી છે.

રાજ્ય સરકારની બેદરકારીને કારણે રાજ્યના ૫૪ ટકા લોકો એટલે કે ત્રણ કરોડ લોકોના મોંઢામાંથી અન્નનો કોળીયો ઝુંટવાઈ ગયો છે. આ કાયદાથી દેશના ગ્રામ્ય વિસ્તારના ૭૫ ટકા અને શહેરી વિસ્તારના ૫૦ ટકા મળીને સરેરાશ ૬૭ ટકા વસ્તીને લાભ મળવાનો છે. ગુજરાત સરકારે માત્ર લાભાર્થીઓની યાદી તૈયાર કરીને તેનો અમલ છ મહિનામાં કરવાનો હતો.

આમ, છતાં સરકાર લાભાર્થીઓની યાદી પણ હજી સુધી સમયસર તૈયાર કરી શકી નથી. આથી ૧૩૦ દિવસમાં અમલમાં આવનારો કાયદો સવા બે વર્ષ પછી પણ અમલમાં આવ્યો નથી!!

ગુજરાતમાં ૫૫ ટકા મહિલાઓ અને ૪૫ ટકા બાળકો કુપોષણનો ભોગ બન્યા છે. ત્યારે અન્ન સુરક્ષાથી કુપોષણના જંગ સામે સાચી રીતે લડત આપી શકાય એવા કાયદાનો અમલ કરવામાં પણ ભાજપ સરકાર ઉણી ઉતરી હોવાનો આક્ષેપ પ્રદેશ પ્રવક્તાએ કર્યો હતો.

# બરાક ઓબામા પ્રથમ વાર અમેરિકાની મસ્જિદની મુલાકાતે જશે

**વોશિગ્ન,**

અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામા તેમના કાર્યકાળમાં પ્રથમ વાર આજે અમેરિકાની એક મસ્જિદની મુલાકાત લેશે અને મુસ્લિમ સમુદાયના નેતાઓ સાથે ચર્ચા કરશે. ધાર્મિક સ્વતંત્રતા અને સહિષ્ણુતાના મહત્વને ધ્યાનમાં લઈન ઓબામા રાષ્ટ્રીય રાજધાની નજીક આવેલી એક મસ્જિદની પ્રથમ વાર મુલાકાત એવા સમય જઈ રહ્યા છે જ્યારે મુસ્લિમ સમુદાય વિરૂધ્ધ અસંતોષ વધી રહ્યો છે. અને ખાસ કરીને રાષ્ટ્રપતિ પદની ઉમેદવારીના રિપબ્લિકન દાવેદારો તરફથી ઈસ્લામ વિરોધી નિવેદન કરવામાં આવી રહ્યાં છે.

ઓબામા પ્રથમ વાર દેશની કોઈ મસ્જિદની મુલાકાતે જઈ રહ્યા છે. તેઓ આ અગાઉ વિદેશોમાં મસ્જિદોની મુલાકાત લઈ ચુક્યા છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ જોશ અર્નેસ્ટે પત્રકારોને જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ માટે આ મુસ્લિમ -અમેરિકનો દ્વારા આપણા દેશ માટે આપવામાં આવેલા યોગદાનનો જશ્ન મનાવવાનો પ્રથમ પ્રસંગ હશે. સાથોસાથ આ બાબત આપણને જીવન જીવવાના ઉપાયોમાં ધાર્મિક સ્વતંત્રતાના મહત્વને દોહરાવવાનો પણ પ્રસંગ બની રહેશે. તેમણે વધુમાં જણાવ્યું કે દેશની રાજકીય મંત્રણામાં આ બાબત હંમેશા ચર્ચામા રહી છે. મને લાગે છે કે રાષ્ટ્રપતિનો આ પ્રવાસ આ બંને બાબતોની અલગ છાપ ઊભી કરવા માટે મહત્વપૂર્ણ બની રહેશે.

# મહિલાઓને ધાકધમકીથી બર્થ કંટ્રોલ કરાવતી એક હોસ્પિટલ

### લેબરરૂમમાં સ્ત્રીઓને બ્લેક-મેલિગથી દસ વર્ષની કોપર ટી લગાવાઈ રહી છે

**નવી દિલ્હી,**

ઈસ્ટ એમસીડીની સ્વામી દયાનંદ હોસ્પિટલમાં મહિલાઓને જબરદસ્તી ૧૦ વર્ષની કોપર-ટી લગાવાઈ રહી છે જે મહિલાઓ કોપર ટી લગાવવામનો વિરોધ કરે છે. તેને બીજી હોસ્પિટલમાં ડિલિવરી કરાવવાની ધમકી અપાય છે. લેબરરૂમમાં મહિલા એકલી હોવાના કારણે ડોક્ટરનો વધુ વિરોધ પણ કરી શકતી નથી.

લેબરરૂમમાંથી બહાર આવ્યા બાદ જ્યારે કેટલીક મહિલાઓએ પોતાના પરિવારને આ અંગે જણાવ્યુ તો તેમણે પણ આનો વિરોધ કર્યો, પરંતુ કોઈએ પણ તે વિરોધને ગંભીરતાથી ન લીધો હાલત એ થઈ કે ડોકટરો મહિલા અને તેના પરિવારજનો સામે એવુ કહીને બૂમો પાડવા લાગ્યા. હજુ કેટલો બાળકોની લાઈન લગાવશો ?

એક મહિલા પોતાના પરિવાર સાથે માનસરોવર પાર્કમાં રહે છે. શાલુનું આ પહેલુ બાળક હતુ શાલુએ જણાવ્યું કે લેબરરૂમની અંદર જવાની થોડીક મિનિટોમાં તેને પુત્ર જન્મ્યો ડિલિવરી બાદ એક લેડી ડોક્ટર તેની પાસે આવી અને ૧૦ વર્ષની કોપરટી લગાવવા કહ્યુ શાલુએ તેનો વિરોધ કર્યો પરંતુ ડોક્ટરએ તેની વાત ન સાંભળી. શાલુએ જણાવ્યુ કે ડિલિવરી બાદ ઘણી વાર સુધી તે લેબરરૂમની અંદર રહી આ રીતે ડોકટરએ ઘણી મહિલાઓને કોપરટી લગાવી છે. તેણે કહ્યુ કે જ્યારે એક મહિલાઓ આ વાતનો વિરોધ કર્યો તો ડોકટરો ધમકી આપી કે જો કોપર ટી નહિ લગાવે તો તેની ડિલિવરી નહી કરાય તેને તાત્કાલિક બીજી હોસ્પિટલ જવુ પડશે બીજે જવાના ડરથી મહિલાએ ચુપચાપ કોપર ટી લગાવડાવી.

શાલુ ઉપરાંત દક્ષશિતા નામની મહિલા સાથે પણ આવુ બન્યું.

# હવે લેન્ડલાઈનથી પણ વિડિયો કોન્ફરન્સિંગની સુવિધા મળશે

### બી.એસ.એન.એલ ની પારંપરિક સેવામાં ફેરફાર કરવામાં આવશે

**ઈન્દોર,**

બીએસએનએલ દ્વારા હવે ટેલિફોન એકસચેન્જને અપગ્રેડ કરવાનું કામ શરૂ થયું છે. જેમાં લેન્ડલાઈન ફોનના ગ્રાહકોને વીડિયો કોન્ફરન્સિંગની સુવિધા આપવામાં આવશે. આ માટે જે તે ગ્રાહકોએ તેમના લેન્ડલાઈન હેન્ડસેટને બદલાવવા પડશે. કંપનીએ હાલ મધ્યપ્રદેશના બે શહેરને પ્રથમ તબક્કામાં સમાવેશ કર્યો છે. કંપની હાલ લેન્ડલાઈન ગ્રાકોને તેની સાથે જોડવામાં વ્યસ્ત છે આ નવી ટેકનિકનો શહેરના ૯૦ હાજરથી વધુ ગ્રાહકોને લાભ મળશે. વીડિયો કોન્ફરસિંગ ઉપરાંત બ્રોડબેન્ડમાં ગ્રાહકોને નવી પેઢીના ઈન્ટરનેટ સ્પીડ પણ મળશે જેથી થોડી સેકન્ડમાં જ ડાઉનલોડ થઈ શકશે. આ માટે ગ્રાહકો કોઈ વધારાનો ચાર્જ ચૂકવવો નહિ પડે. જોકે આ સુવિધાઓનો ઉપયોગ કરવા ગ્રાહકોએ થોડી રાહ જોવી પડશે. એનજીએનું કામ પુરુ કરવાની મુદત ૨૦૧૭ છે. સામાન્ય રીતે ઈન્ટરકોમમાં કંપની માત્ર લેન્ડલાઈન નંબર જ જોડે છે. પરંતુ એનજીએનના આગમની ઈન્ટરકોમ સુવિધામાં લેન્ડલાઈન ઉપરાંત મોબાઈલ નંબર પણ રહેશે. એટલે કે કોઈ ખર્ચ વિના પસંદગીના નંબર પર વાત થઈ શકશે હાલ તેની ક્ષમતા ૧૦-૧૫ નંબર વચ્ચે રહેશે તેમાં લેન્ડલાઈન અને મોબાઈલ એમ બંને નંબર સામેલ રહેશે. ખાસ વાત એ છે કે લેન્ડલાઈનને મોબાઈલ પર ડાયવર્ટ કરી શકાશે. આ દરમિયાન જો ગ્રાહકો ઈચ્છશે તો મોબાલની વાત કરતી વખતે અન્ય ગ્રાહકોના મોબાઈલ સ્ક્રીન પર તેના લેન્ડલાઈન નંબર જોવા મળશે. એટલુ જ નહિ મોબાઈલમાંથી કોલ કરવાથી લેન્ડ લાઈનનો ચાર્જ લાગશે. જેનું બિલ તેમાં આવશે આ ઉપરાંત ગ્રાહકોને મોબાઈલ પર ઓછામાં ઓછા ૭ થી ૮ નંબર ડાયવર્ડ કરવાની માટે માત્ર ગ્રાહકોએ મોબાઈલમાં એપ્લિકેશન ડાઉનલોડ કરવી પડશે. જેના પર કંપની કામ કરી રહી છે.

# પાક. માટે જાસૂસી કરતા પોસ્ટ માસ્તર સહિત ચારની ધરપકડ

**જેસલમેર,**

રાજસ્થાનના સરહદી જેસલમેર બાડમેર જિલ્લામાં પાકિસ્તાન માટે જાસૂસી કરી રહેલા એક પોસ્ટ માસ્તર સહિત ટપાલ વિભાગના ચાર કર્મચારીઓની ધરપકડ કરવામાં આવી છે

જયારે એક કર્મચારી અટકાયત કરાઈછે. આ ટોળકી પાકિસતાન લશ્કરની સૂચના મુજબ તેમે ભારત અંગેની ખાસ કરીને લશ્કરી વ્યૂહરચનાની માહિતી પહોચાડતી હતી.

પોલીસ અધીક્ષક રાજીવ પચારે જણાવ્યુ હતુ કે આઈબી સીઆીડી બીઆઈ અને સ્પેશિયલ પોલીસ ફોર્સની ટીમોએ જેસલમેરના પોખરણ અને બાડમેર જિલ્લાના બાલોતર ક્ષેત્રમાં આવેલી ટપાલ કચેરીઓ પર દરોડા પચારી જણાવ્યુ હતુ કે આઈબી, સીઆડી, બીઆઈ અને સ્પેશિયલ પોલીસ ફોર્સની ટીમોએ જેસલમેરના પોખરપણ અને બાડમેર જિલ્લામાં બાલોતરા ક્ષેત્રમાં આવેલી ટપાલ કચેરીઓ પર દરોડા પાડીને આ લોકોની ધરપકડ કરી હતી પચારે જણાવ્યુ હતુ કે પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈને લશ્કરની વ્યૂહાત્મક ખાનગી પ્રવૃત્તિઓ યુદ્ધ કવાયતો તેમજ ૫૬ એપીઓ સંબંધિત અને અન્ય માહિતી પહોચાડતા હતા.

આ પ્રકરણમાં પોખરણ મુખ્ય ટપાલ કચેરીના પોસ્ટ માસ્તર કિશનપાલસિંહ અને અન્યની ધરપકડ કરવામાં આવી હતી તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે છેલ્લા કેટલાક સમયથી એવી માહિતી મળી હતી કે કિશનપાલસિંહ ટપાલમાં આવતી લશ્કરી ખાનગી ટપાલો અને અન્ય પત્રો તેમજ ખાસ કરીને મહત્ત્વના પત્રોની જાણકારી ભારતમાં કામ કરતા આઈએસઆઈના એક એજન્ટ દ્વારા પાકિસ્તાન પહોચાડતા હતા ત્યાર બાદ કિશનપાલસિહની પૂછપરછ કરતા તેમણે એકરાર કર્યો હતો કે છેલ્લા ચાર પાંચ મહિનાથી તેઓ મેઈલ દ્વારા આઈએસઆઈના એજન્ટને લશ્કર સંબંધિત પત્રો અને અન્ય માહિતની મોકલતા હતા.

# ભારત મારી ધરપકડની ઉજવણી ક્યારેય કરી શકશે નહીં: મસૂદ અઝહર

**પેશાવર,**

પઠાણકોટ એરબેઝ પરના હુમલામાં ભારત આંતકી સંગઠન જેશ એ મોહમ્મદના સંસ્થાપક મસૂદ અઝહરની શોધખોળ કરી રહ્યું છે. હવે મસૂદ અઝહરે ધમકી આપી છે કે જો પાકિસ્તાન ભારત વિરોધી ત્રાસવાદી સંગઠનો સામે ઓપરેશન કરશે તો તેને ગંભીર પરિણામોનો સામનો કરવો પડશે. મસૂદ અઝહરે પેશાવર સ્થિત જેહાદી સામયિક અલ કલામમાં લખ્યું છે કે મેં એક આર્મી બનાવ્યું છે જે હંમેશા મોતને મહોબત કરે છે. આ આર્મીને ઉખાડીને ફેકવાની તાકાત અમારા દુશ્મનોમાં નથી અલ્લા ઈચ્છે છે કે આ આર્મી અમારા દુશ્મનોનાં જસ્નની રાહ જ જુએ અને મારી ધરપકડનો ઉત્સવ અને ઉજવણી ભારત ક્યારેય કરી શકશે નહી.

# કેજરીવાલે આઈ.એ.એસ.ના બદલે એન્જિનિયરને સચિવ બનાવતાં વિવાદ

**નવી દિલ્હી,**

દિલ્હી સરકારમાં એક નવો વિવાદ છેડાયો છે. આ વખતે બે વિભાગના સચિવોને લઈને અધિકારીઓ અને સરકાર વચ્ચે અણબનાવ ઉભો થયો છે. બે વિભાગના સચિવોને લઈને એક આદેશ જારી કરવામા આવ્યો છે. તેમાં આરોગ્ય વિભાગ અને પીડબલ્યુડી વિભાગના સચિવોનો સમાવેશ થાય છે. આઈએસના સ્થાને એન્જિનિયરને સચિવ બનાવી દેવામાં આવતાં હવે અધિકારીઓ અને કેજરીવાલ સરકાર વચ્ચે સંઘર્ષ છેડાશે એ નક્કી છે.

પીડબલ્યુડી વિભાગના સચિવ તરીકે આ જ વિભાગના એન્જિનિયર ઈન ચીફની નિમણુંક કરી દેવામાં આવી છે. સર્વજ્ઞ શ્રીવાસ્તવને આ વિભાગના સચિવ બનાવવામાં આવ્યા છે. વાસ્તવમાં અત્યાર સુધી આઈએએસ અધિકારીને જ પીડબલ્યુડી વિભાગના સચિવ બનાવવામાં આવતા હતા. જ્યારે આ વખતે પ્રથમ વાર એક એન્જિનિયરને સચિવ બનાવી દેવામાં આવ્યા છે.

અત્યાર સુધી આ વિભાગમાં ખાસ બે વિભાગ જ હતાં એક એન્જિનિયરિંહ અને બીજા નાણાકીય વિભાગ હતો. બંને વિભાગના વડા તરીકે એન્જિનિયરની નિમણુંક કરવામાં આવતાં હવે આ એન્જિનિયર જ એક્ઝિક્યુટિવને લગતા નિર્ણયો લેશે. આમ, નાણાકીય બાબતો પર અધિકારીઓની નજર રહેશે નહીં. આ વિભાગના મુખ્ય સચિવ ચેતન ગાંધી હતા, જે સરકારમાં લાંબી રજા ઉપર છે. તેમના વિરૂધ્ધ એસીબીએ ઔદ્યોગિક જમીન ફ્રી હોલ્ડ કરવાનો કેસ દાખલ કર્યો છે.

બીજા નિર્ણયમાં દિલ્હીના આરોગ્ય વિભાગની જવાબદારી આઈઆરએસ અધિકારી ડો. તરૂણસીમને સોંપવામા આવી છે. આમ, આઈએએસ અધિકારીઓની ઉપેક્ષા કરીને નવી જવાબદારી સોંપાઈ છે.

# મોદીના સ્માર્ટ સિટી સામે નીતિશકુમારનો સ્માર્ટ ગામનો નારો

**પટણા,**

કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ ટોપ -૨૦ સ્માર્ટ સિટીની યાદીમાં બિહારના એક પણ શહેરનું નામ નહી હોવાથી નારાજ મુખ્યપ્રધાન નીતિશકુમારે પીએમ મોદીના સ્માર્ટ સિટી સામે સ્માર્ટ ગામનો નારો આપ્યો છે. નીતીશકુમારે જણાવ્યુ છે કે સુંદર હશે જે સુવિધાઓ માટે લોકો શહેરમાં જાય છે. તે સુવિધાઓ બિહારનાં સ્માર્ટ ગામોમાં ઉપલબ્ધ બનશે. ધો-૧૨થી આગળ અભ્યાસ રકનાર વિદ્યાર્થીઓને સરકાર રૂ. ચાર લાખનું ક્રેડિટ કાર્ડ આપશે.

તેમણે જણાવ્યુ હતુ કે રાજનીતિ વિકાસ માટે થતી જોઈએ. રાજ્યમાં પાંચ વર્ષમાં એટલાં કામો થશે કે વિરોધ પક્ષોને છાતી કૂટવાનો વારો આવશે. રાઘોપુરના મોહનપુર ખાતે ગંગા નદી પર દેશના સૌથી લાંબા છ લાઈનના પુલના નિર્માણ કાર્યનો શુભારંભ કર્યા બાદ એક સભાને સંબોધતાં નીતીશકુમારે આમ જણાવ્યુ હતુ આ પ્રસંગે રાજદના સુપ્રીમ લાલુપ્રસાદ અને નાયબ મુખ્યપ્રધાન તેજસ્વી યાદવ પણ હાજર રહ્યા હતા.

# પુરોહિત પ્રજ્ઞા સામેના આરોપો હળવા કરવા એન.આઈ.એ. એ કાનૂની અભિપ્રાય માગ્યો

**નવી દિલ્હી,**

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ ૨૦૦૮ના માલેગાવ બોમ્બ બ્લાસ્ટની તપાસમાં લેફ.કર્નલ શ્રીકાંત પ્રશાદ પુરોહિત સાધ્વી પ્રજ્ઞાસિહ ઠાકુર અને અન્ય આઠ વિરૂદ્ધ મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એક્ટ મકોકા લાગુ પડવાને મામલે કાનૂની અભિપ્રાય માગ્યો છે. એનઆઈએ દ્વારા કાનૂન મંત્રાલયને આ અંગે એટર્ની જનરલ મુકુલ રોહિતગીનો મત લેવા જણાવામાં આવ્યુ છે.

વરિષ્ઠ સરકારી અધિકારીઓએ જણાવ્યું કે જો સુપ્રીમ કોર્ટમાં ૧૫ એપ્રિલ ૨૦૧૫ના આદેશની એનઆઈએ વ્યાખ્યાને કાનૂની અભિપ્રાય દ્વારા સમર્થન મળે તો આરોપો હળવા કરી શકાય છે. સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં સ્પેશિયલ કોર્ટમાં આરોપીઓની જામીન અરજી પર મકોકા વગરના આરોપોની સુનાવણી કરવા આદેશ કર્યો હતો. એનઆઈએ પ્રવકતાના જણાવ્યા અનુસાર કાયદા મંત્રાલય અને ગૃહ મંત્રાલય પાસે ખોલાસો માગ્યો છે જવાબ મળ્યા બાદ અમે આખરી રિપોર્ટ રજૂ કરીશું.

એનઆઈએએ મુંબઈની સ્પેશિયલ એનઆઈએ કોર્ટમાં એક અરજી દાખલ કરીને આખરી રિપોર્ટ ફાઈલ કરવા માટે સમય માગ્યો છે. સોશિયલ કોર્ટે આ માટે અરજી ફેબ્રુઆરીની સમય મર્યાદા મુકરર કરી છે.

એનઆઈએના સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર રોહિણી સાલિયાને એવો આક્ષેપ કર્યો હતોકે ૨૦૧૪માં એનડીએ સરકાર સત્તા પર આવ્યા બાદ એનઆઈએ દ્વારા તેમને આ કેસમાં નર મ વલણ અપનાવવા જણાવાયું હતુ ત્યાર બાદ આ કેસ સમાચારની હેડલાઈનમાં ચમક્યો હતો સામાજિક કાર્યરત હર્ષ મંદરે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી એક અરજીમાં એવો આક્ષેપ કર્યો હતો કે રાજકીય નેતાઓના ઈશારે સાલિયાને પર આ કેસમાં દબાણ લાવવામાં આવી રહ્યુ છે. એનઆઈએ દ્વારા જોકે આ આક્ષેપને રદિયો આપવામાં આવ્યો હતો.

# પઠાણકોટ એરબેઝમાં કોઈ જાણભેદુએ જ આતંકીઓને ઘુસાડ્યા હોવાનો પર્દાફાશ

**નવી દિલ્હી,**

નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીને (એનઆઈએ) પઠાણકોટ હુમલામાં કોઈ અંદરના શખ્સનો હાથ હોવાના મહત્વની કડી મળી છે. અત્યારસુધીની તપાસમાં એવુ બહાર આવ્યું છે કે એરબેઝની દસ ફુટ ઉચી બાઉન્ડ્રી વોલ પર લાગેલા તારઅંદરથી કપાયેલા હતા. જ્યાં તાર કાપવામાં આવ્યા હતા. ત્યાંની લાઈટ પણ કામ કરતી ન હતી. એકબેઝ પર કાપેલા તારજોવા બાદ એ શક હવે પાકો થઈ ગયો છે કે આ કરતૂત કોઈ ત્રાસવાદીનું નહી પરંતુ અંદરના જ કોઈ માણસનું હોવું જોઈએ. તારની ફોરેન્સીક તપાસ બાદ આ વાત સંપૂર્ણપણ કન્ફર્મ થઈ જશે જે શખ્સે આ કૃત્યને અંજામ આપ્યોછે. તેને ખબર હોવી જોઈએ કે ત્યાં અંધારૂ હોય છે. આમ કોઈ અંદરના જ જાણભેદુએ પઠાણકોટ એરબેઝમાં આતંકીઓને ઘુસવામાં મદદ કરી હતી. દરમિયાનમાં સેનાનાં મથકોની જાસૂસી કરવાના આરોપસર પુછપરછ માટે અટકાયતમાં લેવામાં આવેલા એક યુવકની પોલીસે ગઈ કાલે ધરપકડ કરી છે. ઈર્શાદ અહેમદ નામનો આ યુવક જમ્મુ -કાશ્મીરના પુંચનો રહીશ છે. તેનો આકા પુંચના સુરનકોટમા રહેતો આતંકવાદી સજ્જાદ અહેમદ હતો. એવું જાણવા મળે છે કે પોલીસે સજ્જાદને પણ તેના એક સાથી સાથે પકડી લીધો છે. પોલીસની જણાવ્યા અનુસાર ૨૦ વર્ષીય ઈર્શાદ પઠાણકોટમા રોડની સાઈડમાં કેબલ નાખવાનું કામ કરી રહ્યો હતો. તે તેના સ્માર્ટ ફોનથી પઠાણકોટના સેના મથક સહિત મુખ્ય સ્થળોની તસવીર ખેચીને સજ્જાદને મોકલતો હતો. સજ્જાદઆ તસવીરો પાકિસ્તાનની ગુપ્તચરએજન્સી આઈએસઆઈ અને આતંકવાદી સંગઠનોને મોકલતો હતો. ઈર્શાદને રવિવારે મોડી રાતે પોલીસે પુછપરછ માટે અટકાયતમાં લીધો હતો. પરંતુ પોલીસ આ અંગે કોઈ કહેવાનો ઈનકાર કરી રહી હતી.

# પાક.માં આતંક માટે વિદેશી તાકાતો જવાબદાર : જનરલ રાહિલ શરીફ

**કરાચી,**

પાકિસ્તાનમાં ફેલાયેલા આતંકવાદ માટે પાકિસ્તાની લશ્કરના વડા જનરલ રાહિલ શરીફે વિદેશી તાકાતોને જવાબદાર ગણાવી છે રાહિલ શરીફે જણાવ્યું હતું કે પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય તાકાત માટે બલુચિસ્તાન એક અડ્ડો બની ગયું છે.

રાહિલ શરીફે વધુમાં જણાવ્યું હતું કે વિદેશી તાકાતો પાકિસ્તાનને અસ્થિર કરીને તેનો ફાયદો ઉઠાવવા માટે ટાંપીને બેઠી છે. એટલા માટે તમામ પ્રકારની સાજિશને મદદ પહોચાડવામાં આવી રહી છે. ક્વેટા ખાતે શાંતિ અને સમૃધ્ધિના મુદ્દા પર આયોજિત એક સેમિનારમાં રાહિલ શરીફે જણાવ્યું હતું કે આતંકવાદને વિદેશી તાકાતો તરફથી રોકડાં નાણાં મળે છે. અને આંતરિક દુશ્મનો તેમને મદદ કરે છે.

જનરલ રાહિલ શરીફે જણાવ્યું હતું કે બલુચિસ્તાનના સેંકડો કિ.મી. ના દાયરામાં ફેલાયેલ સરહદની પેલે પારના લોકોની દખલ હવે એક સમસ્યા બની ગઈ છે. પાકિસ્તાન માટે આ એક યુધ્ધ જેવો માહોલ છે. અને તેની સામે લડવાનું ચાલુ રાખીશું.

# નાસાના ક્યુરિયોસિટી યાને સેલ્ફી લીધી

સેલ્ફી લેવાનો ક્રેઝ હવે મંગળ ગ્રહ સુધી પહોચી ગયો હોય તેમ લાગે છે. અમેરિકન અવકાશ સંસ્થા નાસાને મંગળની ધરતી પર ક્યુરિયોસિટી રોવર યાન મોકલ્યુ છે નાનકડી કારની સાઈઝનું આ પૈડાવાળુ માનવરહિત યાન મંગળની ધરતી પર રહીને વિવિધ પ્રયોગો કરે છે અને તેના તારણો પૃથ્વી પર મોકલે છે.

આ યાનની સાથે એના લાંબા રોબોટિક હાથના છેડે માર્સ હેન્ડ લેન્સ ઈમેજરે નામનો કેમેરા ફિટ કરાયો છે.

આ કેમેરાએ હંમણા પોતાની ૫૭ ઈમેજ પાડીને મોકલી આ ઈમેજમાંથી એકને નાસાએ માર્સ ક્યુરિયોસિટી રાવરના સેલ્ફી ટિવટર પર પોસ્ટ કરી છે.

CORRIGENDUM
In the Fin.Results advertisement of Unjha Formulations Ltd. appeared on 31.01.2016 in WESTERN TIMES, English & Gujarati edition, in which Column No.7 is printed wrongly as
Year to date
30.12.14
unaudited,
which may be read as
**"Year to Date**
**31.12.2014**
**Unaudited**
Other things remains unchanged.

**Gujarat Raffia Industries Limited**
CIN : L17110GJ1984PLC007124
Regd. Office : Plot No. 455, Santej Vadsar Road, Village: Santej, Taluka : Kalol - 382 721

**NOTICE**

Pursuant to Regulation 47 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that a Meeting of the Board of Directors of the Company is scheduled to be held on **13th February, 2016** inter alia, to consider & approve the Un-audited Financial Results for the Quarter ended 31st December, 2015. This intimation will be made available on the website of the Company www.griltarp.com and on the website of Stock Exchanges where the shares of the Company are listed i.e. www.bseindia.com and www.nseindia.com

For, Gujarat Raffia Industries Ltd.
**PRADEEP BHUTORIA**
Managing Director
Dated : 03-02-2016
Place : Ahmedabad

**JINDAL WORLDWIDE LIMITED**

**Regd. Off.:** "Jindal House",Opp. Dmart,I.O.C. Petrol Pump Lane, Shivranjani Shyamal 132 Ft Ring Road, Satellite, Ahmedabad - 380015.
Ph: 079-71001500 Website: www.jindaltextiles.com
**CIN: L17110GJ1986PLC008942**

STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED 31ST DECEMBER, 2015 **(Rs.in lacs)**

| Particulars | Quarter Ended on 31.12.2015 (Unaudited) | Nine Months Ended on 31.12.2015 (Unaudited) | Quarter Ended on 31.12.2014 (Unaudited) |
|---|---|---|---|
| 1 Total income from operations (net) | 25376.19 | 71836.54 | 18000.72 |
| 2 Net Profit / (Loss) from ordinary activities after tax | 1084.18 | 2865.94 | 659.55 |
| 3 Net Profit / (Loss) for the period after tax (after Extraordinary items) | 1084.18 | 2865.94 | 659.55 |
| 4 Equity Share Capital | 2005.20 | 2005.20 | 2005.20 |
| 5 Reserves (excluding Revaluation Reserve as shown in the Balance Sheet of previous year) | - | - | - |
| 6 Earnings Per Share (before extraordinary items) (of Rs. 10/- each) | | | |
| Basic : | 5.41 | 14.29 | 3.29 |
| Diluted: | 5.41 | 14.29 | 3.29 |
| 7 Earnings Per Share (after extraordinary items) (of Rs. 10/- each) | | | |
| Basic : | 5.41 | 14.29 | 3.29 |
| Diluted : | 5.41 | 14.29 | 3.29 |

**Notes:** The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges (BSE, NSE &ASE) under Regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites. (www.nseindia.com, www.bseindia.com and www.jindaltextiles.com).

PLACE : Ahmedabad
DATED : 03.02.2016

For, JINDAL WORLDWIDE LIMITED
Sd/-
CHAIRMAN

**AMRAPALI INDUSTRIES LTD.**
**CIN: L91110GJ1988PLC010674**
Regd. Office: 19/20/21 Third Floor, Narayan Chambers, B/H Patang Hotel, Ashram Road, Ahmedabad – 380009,
E-Mail id – ail@amrapali.com
Ph.No.: 079-26581329, 26581330, 26575105, 26575106.

NOTICE

NOTICE is hereby given that pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 that the meeting of the Board of Directors of the Company will be held on Friday, February 12, 2016 at 04.00 P.M. at the Registered Office of the Company, inter alia, to consider, approve & take on record the unaudited financial results of the Company along with Limited Review report for the quarter and nine months ended on December 31, 2015 as per Regulation 33 of the Listing Regulation.
In this connection, as per the Company's Code of Conduct to regulate, monitor and report trading by insiders, adopted by the Board pursuant to SEBI (Prohibition of Insider Trading) Regulations, 2015, the trading window for dealing in the securities of the Company will be closed for the Specified Persons from February 5, 2016 to February 14, 2016 (both days inclusive).
Pursuant to Regulaiton 47, the said notice may be accessed on the Company's Website at www.amrapalispot.comand may also be accessed at the website of the Stock Exchange i.e. BSE Limited at www.bseindia.com.

For, AMRAPALI INDUSTRIES LTD.
SD/-
YASHWANT A. THAKKAR
(Managing Director) DIN: 00071126
**Date: February 4, 2016**
**Place: Ahmedabad**

**કોરલ લેબોરેટીઝ લિમિટેડ**
રજી. ઓ. : ૩૦૮/૫, ગામ -પોસ્ટ : પોલીયાચા (રાણ) તાલુકો : સાવલી, બરોડા, ગુજરાત-૩૯૧૭૮૦
કોર્પો ઓફિસ : ૩બી, પાટણવાલા ઈન્ડ. એસ્ટેટ, શ્રેયસ સીનેમા પાસે, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ -૪૦૦ ૦૮૬
CIN : L24231GJ1997PLC031669

**નોટિસ**

સિકયુરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના રેગ્યુલેશન ૨૯ અને ૪૭ (લીસ્ટીંગ ઓબ્લીગેસન્સ એન્ડ ડીસ્કલોઝર રિકવાયરમેન્ટ) રેગ્યુલેસન્સ, ૨૦૧૫ના સંદર્ભમાં આથી નોટિસ આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડીરેકટર્સની મીટીંગ શુક્રવાર, ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬ ના રોજ બપોરે ૩:૦૦ કલાકે કંપનીની કોર્પોરેટ ઓફિસ નંબર ૩બી, પાટણવાલા ઈન્ડ. એસ્ટેટ, શ્રેયસ સીનેમા પાસે, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ -૪૦૦ ૦૮૬ ખાતે બોલાવવામાં આવી છે તેમાં ૩૧મી ડીસેમ્બર ૨૦૧૫,ના રોજ પુરા થતા ત્રિમાસિક ગાળા અનઓડિટેડ નાણાંકિય પરિણામો વિચાર કરવા અને મંજુર કરવા માટે મળનાર છે.
આ નોટિસમાં આપેલી માહિતી કંપનીની વેબસાઈટ (www.corallab.com) અને સ્ટોક એક્ષચેંજની વેબસાઈટ www.bseindia.com પર પ્રાપ્ય છે.

**સ્થળ :** મુંબઈ
**તારીખ :** ૦૧.૦૨.૨૦૧૬
**કોરલ લેબોરેટરીઝ** લિ.વતી
સહી/- નવીન બી. દોશી
ડીરેકટર
ડીન :૦૦૨૩૨૨૮૭

**INDO CREDIT CAPITAL LIMITED**
**Regd.Office :** 304, Kaling, B/h. Bata Show Room, Nr. Mt. Carmel School, Ashram Road, Ahmedabad 380009
**Web :** www.indocreditcapital.com
**CIN : L65910GJ1993PLC020651**
**email :** indocredit@rediffmail.com **Telefax :** 079-26580366

**NOTICE**

Pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI(Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that the meeting of the Board of Directors of the Company will be held on Friday, 12th February, 2016 at 10.30 a.m. at the registered office of the company to inter alia, to consider, take on record and approve the Unaudited Financial Results of the company for the quarter ended on 31st December, 2015. This information is also available on the website of the company i.e. www.indocreditcapital.com and on the website of the stock exchange i.e www.bseindia.com

**For** INDO CREDIT CAPITAL LIMITED
**(Hardik H. Joshi)**
Company Secretary
**Place: Ahmedabad**
**Date : 03.02.2016**

**SAYAJI HOTELS LIMITED**
Regd. Office : Opp. Rajshree Talkies, Near Kala Ghoda, Sayajiganj, Vadodara-390 005 (Gujarat) Ph. 0265-2363030
Email : cs@sayajiindore.com, Website : www.sayajihotels.com
**CIN : L51100GJ1982PLC005131**

**NOTICE** is hereby given pursuant to Regulation 29(1) of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulation, 2015 that a meeting No.04/2015-2016 of the Board of Directors of the company will be held on 13th February, 2016 at Indore, inter alia, to approve the Unaudited Financial Results for the Third Quarter ended on 31st December 2015.
Further, pursuant to regulation 47(2) of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulation, 2015, for further details of meeting are available on the link of the website of the Company and stock exchange where shares of the Company are listed hereunder :
Company website : http://www.sayajihotels.com/investor/
Stock Exchange website : http://www.bseindia.com/corporates/ann.aspx?scrip=523710&dur=A&expandable=0

**For Sayaji Hotels Ltd.**
Sd/
**Amit Sarraf**
Company Secretary
**Place: Indore**
**Date: 03.02.2016**
VIGILANCE

**ASHISH POLYPLAST LTD.** **CIN NO : L17110GJ1994PLC021391**
**Regd. Off:** A-305, Samudra complex, Nr. Hotel Classic Gold, Off C.G. Road, Ahmedabad-6
**Phone : (O)** 2644 5495, 26445090 **Tele-Fax :** 079-26426758
**E-mail :** ashishpolyplast@gmail.com, **Website :** www.ashishpolyplast.com

**Annexure XI**
**Statement of Standalone Financial Results for the Quarter and Nine months ended 31st December, 2015** **(Rs.in lacs)**

| Particulars | Quarter Ended on 31.12.2015 Unaudited | Nine Months Ended on 31.12.2015 Unaudited | Quarter Ended on 31.12.2014 Unaudited |
|---|---|---|---|
| 1 Total income from operations (net) | 273.58 | 799.18 | 249.35 |
| 2 Net Profit/ (Loss) from Ordinary Activities after tax | 2.15 | 10.39 | 3.68 |
| 3 Net Profit/ (Loss) for the period after tax (after Extra Ordinary Items) | 2.15 | 10.39 | 3.68 |
| 4 Paid-up Equity Share Capital (Face Value of Rs.10/ per share) | 339.75 | 339.75 | 339.75 |
| 5 Reserves excluding revaluation reserves | 120.68 | 120.68 | 113.99 |
| 6 Earning Per Share (before extraordinary items) | | | |
| (a) Basic | 0.06 | 0.31 | 0.11 |
| (b) Diluted | 0.06 | 0.31 | 0.11 |
| 7 Earning Per Share (after extraordinary items) | | | |
| (a) Basic | 0.06 | 0.31 | 0.11 |
| (b) Diluted | 0.06 | 0.31 | 0.11 |

**Notes:-**
Note :- The above is an extract of detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of SEBI ( Listing and Other Disclosure Requirements ) Regulations, 2015. The full format of Quarterly Financial Results are availaible on the Bombay Stock Exchange Website (www.bseindia.com) as well as website of Ashish Polyplast Limited (www.ashishpolyplast.com)

for ASHISH POLYPLAST LIMITED
SD/-
**ASHISH D. PANCHAL**
*( MANAGING DIRECTOR)*
*DIN : 00598209*
Place : **Ahmedabad**
Date : **2nd February, 2016**
VIGILANCE